## અરજદારને મકાન સહાય મંજુર કરવા માટે ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી/ સીટી-તલાટી-કમ-મંત્રી/ સર્કલ ઈન્સ્પેકટરે આપવાનું પ્રમાણપત્ર.

**(ફક્ત કચેરીના ઉપયોગ સારૂ)**

..............................................................................................

(૧) આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી.................................................................. મુ........................તા.......................જિ.....................એ તથા કુટુંબના અન્ય સભ્યએ આ અગાઉ રાજય સરકાર/ કેન્દ્ર સરકારની કોઈપણ આવાસ યોજના હેઠળ સહાય મેળવેલ નથી.

(૨) અરજદાર પોતે કે પોતાના કુટુંબના અન્ય સભ્યના નામે ગામમાં અન્ય જગ્યાએ કાચુ/ પાકુ આવાસ ધરાવતા નથી.

(૩) અરજદાર ગામમાં.....................વર્ષથી વસવાટ કરે છે.

(૪) અરજદાર જે કાચા આવાસ પર નવું આવાસ બાંધવા માંગે છે તે ગ્રામપંચાયતના ચોપડે નોંધાયેલ છે. જેનો આકારણી નંબર ............. છે. અરજદારનું હાલનું કાચુ આવાસ કોઈ દબાણ કે નડતરરૂપ થાય તે રીતે આવેલ નથી તેઓ હાલ કાચા આવાસનો રહેઠાણ તરીકે ઉપયોગ કરે છે તે જર્જરીત હાલતમાં છે રહેવા લાયક નથી.

અથવા

(૫) અરજદાર પોતાના માલિકીના પ્લોટ ઉપર નવું આવાસ બાંધવા માંગે છે તે ગ્રામપંચાયતના ચોપડે નોંધાયેલ છે. જેનો આકારણી નંબર ............. છે. તે કોઈ દબાણ કે નડતરરૂપ થાય તે રીતે આવેલ નથી.

(૬) અરજદાર જે જગા પર આવાસ બાંધવા માંગે છે તેનો ચતુર્દિશાનો નકશો નીચે મુજબ છે.

(૭) અરજદારશ્રીનો બી.પી.એલ. યાદીનો ક્રમ નં ....... બી.પી.એલ. નં......... તથા ગુણાંક .......... છે. (લાગુ પડતુ હોય તો)

**<u>નકશો અહી રજુ કરવો</u>**




તારીખ : .................

સહી/સિકકો

સ્થળ: .......................

તલાટી કમ મંત્રી

( રૂ.૫૦/- ના સ્ટેમ્પ પેપર પર નોટરી કરીને અરજી પત્રક સાથે ફરજીયાત રજુ કરવાનું રહેશે.)

........................................................................................................................................................

આથી અમો નીચે સહી કરનારશ્રી/શ્રીમતી.......................... રહેવાસી..................................... જિ............... ઉંમર............ વર્ષ ધંધો...................... આજે તારીખ.................................... ના રોજ મારા ધર્મના સોગંધ લઇ પ્રતિજ્ઞા પૂર્વક જાહેર કરૂ છું કે અમો ગુજરાત સરકારશ્રીની પંડિત દિન દયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ અમારી માલીકીના ખુલ્લા પ્લોટમાં/કાચા મકાનની જગ્યાએ તે પાડીને પાકુ મકાન બનાવવા સહાય મેળવવા માટે નીચે મુજબનું સોંગધનામુ જાહેર કરીએ છીએ. કે,

(૧) અમો કે અમારા કુટુંબના કોઇ પણ સભ્યએ આ અગાઉ પંડિત દિન દયાળ ઉપાધ્યાય આવાસ યોજના સરદાર આવાસ યોજના, ઈન્દિરા આવાસ યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના કે અન્ય કોઇ પણ પ્રકારની સરકારની યોજના હેઠળ મકાન બાંધકામ માટે સરકારશ્રીમાંથી કોઇ પણ પ્રકારની આર્થિક સહાય મેળવેલ નથી.

(૨) હાલમાં મારા કે અમારા કુટુંબના કોઇ પણ સભ્યના નામે અમારા ગામમાં કે અન્ય કોઇ પણ જગ્યાએ વસવાટ કરવા લાયક પાકુ મકાન અમો ધરાવતા નથી કે ભવિષ્યમાં પણ અમારા વાલી-વારસો તરફથી અમોને કે અમારા કુટુંબના કોઇ પણ સભ્યને વસવાટ કરવા લાયક પાકું મકાન છે તે વાત કોઇ પણ સમયે કચેરીના ધ્યાને આવશે તો અમોને મળેલ બધી રકમ સરકારશ્રીમાં પરત કરવા અમો બાંહેધરી આપીએ છીએ.

(૩) હું પોતે કે મારા કુટુંબના કોઇ પણ સભ્ય હાલમાં સરકારી નોકરી કરતા નથી. જેની અમે બાંહેધરી આપીએ છીએ.

(૪) સરકારશ્રીની આ યોજના હેઠળ સહાય મંજુર કરવામાં આવશે તો સરકારશ્રીના નીતિ-નિયમો મુજબ ગ્રામ પંચાયત દ્વારા આપવામાં આવેલ પરવાનગીવાળી જગ્યાએ જ નિયત ચતુર્સીમાં પ્રમાણે પાયા લેવલથી જ સિમેન્ટ, રેતી અને ઇંટથી મકાન બાંધકામ કરીશું. અભેરાઇ (લીન્ટલ) લેવલે મકાનનું કામ આવ્યે નિયત થયેલ ફોર્મ, ફોટો કચેરીને આપી બીજો હપ્તો મેળવવા માટે જાણ કરીશું. મકાનનું બાંધકામ પૂર્ણ થતા શૌચાલયના બાંધકામ સહિતનો ફોટો કચેરીમાં રજુ કરીશું. જુના મકાનનું રીપેરીંગ કામ કોઇ પણ સંજોગોમાં કરીશું નહીં. ગ્રામ્ય વિસ્તારમાં રૂપિયા ૫,૦૦,૦૦૦/- અને શહેરી વિસ્તારમાં રૂા.૭,૦૦,૦૦૦/- થી વધુનું મકાન પૂર્ણ કરવા માટે ખર્ચ કરીશું નહીં. જેની અમે બાંહેધરી આપીએ છીએ.

(૫) મકાન બાંધકામનું સંપૂર્ણ કામ ૨ (બે) વર્ષની અંદર પૂરૂ કરી દઇશ જો તેમ નહિં કરૂં તો સહાય રૂપે મળેલ તમામ રકમ સરકારશ્રીમાં પરત જમા કરવા બંધાયેલ છું.

(૬) મારા કુટુંબના તમામ સભ્યોની મળી આવક શહેરી વિસ્તાર માટે રૂા.૧,૫૦,૦૦૦/- અને ગ્રામ્ય વિસ્તારમાં રૂા.૧,૨૦,૦૦૦/- થી વધુ થતી નથી. જેની અમો ખાત્રી આપીએ છીએ.

(૭) અમારી જાતિનો સા.શૈ.પ.વ./વિચરતી-વિમુકત/આ.પ.વ. (બિન અનામવર્ગ) માં સમાવેશ થાય છે.

(૮) આ સહાયમાંથી મકાન બનાવી તેનો ઉપયોગ અમારા કુટુંબના રહેવા માટે કરીશું આ મકાન અમે ભાડે નહિં આપીએ કે ભવિષ્યમાં વેચીશું નહિં.

(૯) મકાન પૂર્ણ થયે અમે મકાનના આગળના ભાગે નિયત નમુનાની તકતી લગાવીશુ

અમોએ ઉપર જણાવેલ હકીકતો તદ્દન સાચી છે તે સમજી વિચારીને સોગંદનામું કરેલ છે. ભવિષ્યમાં કોઇ પણ વિગત કે માહિતી ખોટી જણાશે તો અથવા અમોએ આપેલી બાંહેધરી મુજબનું મકાનનું કામ નહિ કરીએ તો સરકારશ્રી દ્વારા જે કોઇ પણ સજા કે દંડ કરવામાં આવશે તે ભોગવવા અમો બંધાયેલા છીએ. ખોટું સોગંધનામુ કરવું તે ફોજદારી ગુનો બને છે તેની અમોને સંપૂર્ણ જાણકારી છે.

સ્થળ :

તારીખ :

સોગંદલેનારને હું ઓળખુ છુ.

સાક્ષીની સહી | સોગંદનામું કરનારની સહી

............................................................ | ..........................................

(સાક્ષીનું પુરૂનામ અને સરનામું) | (સોગંદનામું કરનારનું નામ)